સુવિચાર : જીવનમાં ક્યારેય ભય ઉત્પન્ન થાય એવી પ્રવૃત્તિ ન કરો... જીવન નિર્ભયતા માટે છે - જીવનસૂત્ર

તાપમાન
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૪૫ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૨૦ | ૧ ફેબ્રુઆરી, ૨૦૧૬, સોમવાર ; પોષ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ખાદીમાં રોજગારી આપવાની તાકાત છે : નરેન્દ્ર મોદી



## વર્ષ ૨૦૧૬માં પ્રથમ વખત મન કી બાતમાં અભિપ્રાય વ્યક્ત કર્યો : ખાદીને લઈને યુવા પેઢીમાં ભારે ક્રેઝ : રેલવે સહિત ઘણા મંત્રાલયો આગળ આવ્યા છે : પાક વિમા યોજનાની માહિતી દરેક ખેડૂત સુધી પહોંચે તે જરૂરી

નવીદિલ્હી,તા. ૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર મન કી બાત કાર્યક્રમમાં આજે લોકો સાથે જુદા જુદા વિષય પર વાત કરી હતી અને સરકારની અનેક યોજનાઓ અંગે માહિતી આપી હતી. મોદીએ મન કી બાતમાં ૧૬માં એપિસોડમાં કહ્યું હતું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા આપવામાં આવેલી ખાદી આજના યુવાનોમાં જોરદાર ક્રેઝ ધરાવે છે. એટલું જ નહીં ખાદીમાં કરોડો લોકોને રોજગાર આપવાની પણ તાકાત છે. વર્ષ ૨૦૧૬માં પ્રથમ વખત મોદીએ મન કી બાત કાર્યક્રમમાં પોતાના અભિપ્રાય રજૂ કરીને વિવિધ મુદ્દા ઉપર વાત કરી હતી. સામાન્યરીતે મોદી દર મહિનાના છેલ્લા રવિવારે આ કાર્યક્રમ મારફતે દેશના લોકો સાથે વાત કરે છે. તેમણે જે મુદ્દાઓ ઉપર વાત કરી હતી તેમાં સ્ટાર્ટઅપ યોજના, વડાપ્રધાન પાક વિમા યોજના, મહાત્મા ગાંધી ટેકનોલોજી અપગ્રેડેશન અને ખાદીનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું હતું કે, સ્ટાર્ટઅપ યોજના શ્રેણીબદ્ધ તકો લઈને આવી છે. આ યોજનાથી યુવાનોમાં એક નવી ઉર્જા આવી છે.

વડાપ્રધાન પાક વિમાન યોજના ખેડૂતો માટે એક મોટી ભેટ છે તેની માહિતી દરેક ખેડૂત સુધી પહોંચે તેના માટે સહકાર કરવા મોદીએ અપીલ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, અમે તમામ એક સાથે ચાલીએ. એક સુરમાં વાત કરવામાં આવે અને તમામના મન એક સમાન રહે તે જ રાષ્ટ્રની તાકાત છે. મોદીએ ફરી એકવાર ખાદીની વાત કરતા કહ્યું હતું કે, તમામ લોકોએ ગાંધીના વસ્ત્રો ચોક્કસપણે પહેરાવા જોઈએ.

## હવે મન કી બાત કાર્યક્રમથી પ્રજા ત્રાસી ગઈ છે : કોંગ્રેસ

નવીદિલ્હી,તા. ૩૧

કોંગ્રેસ પાર્ટીએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, દેશના લોકો તેમના મન કી બાત કાર્યક્રમથી ત્રાસી ગયા છે. કોંગ્રેસના નેતા પ્રમોદ તિવારીએ કહ્યું હતું કે, મોદીએ કામ ઉપર વધારે વાત કરવી જોઈએ. વચનો કરતા કામની વાત કરવી જોઈએ.તેમણે ઉમેર્યું હતું કે, મોદી મન કી બાતમાં ઘણી વાત કરી ચુક્યા છે. લોકો હવે ત્રાસી ગયા છે. ચૂંટણી દરમિયાન આપવામાં આવેલા વચનો પૂર્ણ કરવાના પ્રયાસ કરવા જોઈએ. કેટલાક કામો કરવાની વાત કરવી જોઈએ.

## સ્માર્ટ સિટીમાં ૧૫૦ અબજ ડોલરના મૂડીરોકાણની જરૂર

નવી દિલ્હી,તા. ૩૧

નરેન્દ્ર મોદી સરકાર ૧૦૦ શહેરોને સ્માર્ટ સિટી કરવાની યોજના ધરાવે છે. જો કે, આના માટે આગામી થોડાક વર્ષોમાં ૧૫૦ અબજ ડોલરના રોકાણની જરૂર પડી શકે છે. ખાનગી સેક્ટર આમા મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. એક નવા અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ડેલોઈટ દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, ખાનગી સેક્ટરમાંથી ૧૨૦ અબજ ડોલર આવશે. સરકાર પહેલાથી જ સ્માર્ટ સિટી મિશન અને અટલ મિશન માટે ૭.૫૫૩ અબડ ડોલરના પ્રાથમિક રોકાણ સાથે બે કાર્યક્રમો શરૂ કરી ચુકી છે. ૫૦૦ પ્રવર્તમાન શહેરોના અપગ્રેડેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ સ્માર્ટ શહેરો માટે ફંડિંગ હાલમાં ચિંતાનો વિષય છે. મોટા પડકારો સ્માર્ટ સિટી પ્રોજેક્ટ મેનેજમેન્ટના મામલે રહેલા છે. સરકારે હાલમાં જ જાહેરાત કરી હતી કે, સ્માર્ટ સિટી તરીકે ૨૦ શહેરોને વિકસિત કરવામાં આવશે. આ યાદીમાં અમદાવાદ અને સુરતનો પણ સમાવેશ થાય છે.



## છેલ્લી ટ્વેન્ટી-૨૦માં ભારતનો વિજય

### ભારતે વ્હાઈટ વોશ કરીને ઈતિહાસ સર્જ્યો : ઓસ્ટ્રેલિયા ઉપર શ્રેણીમાં ૩-૦થી જીત વોટસન મેન ઓફ ધ મેચ : મેન ઓફ ધ સિરીઝ તરીકે વિરાટ કોહલીની પસંદગી

સિડની,તા. ૩૧

સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આજે રમાયેલી ત્રીજી અને છેલ્લી ટ્વેન્ટી મેચના છેલ્લા બોલ ઉપર ભારતે જીત મેળવીને આ શ્રેણી ૩-૦થી જીતી લીધી હતી. આની સાથે જ ટ્વેન્ટી શ્રેણીમાં વ્હાઈટ વોશ કરવામાં સફળતા મેળવી હતી. આજની મેચમાં પણ ઓસ્ટ્રેલિયાએ પાંચ ફેરફારો કરીને તમામને ચોંકાવી દીધા હતા. પ્લેયર ઓફ દ સિરીઝ તરીકે વિરાટ કોહલીની પસંદગી કરવામાં આવી હતી જ્યારે મેન ઓફ દ મેચ તરીકે શેન વોટસનની પસંદગી કરાઈ હતી. વોટસને આજની મેચમાં ૭૧ બોલમાં ૧૦ ચોગ્ગા અને છ છગ્ગા સાથે ૧૨૪ રન બનાવ્યા હતા અને તે અણનમ રહ્યો હતો. બીજી બાજુ ઓસ્ટ્રેલિયાએ નિર્ધારિત ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૯૭ રન કર્યા હતા. જવાબમાં ભારતે ૨૦મી ઓવરના છેલ્લા બોલે ત્રણ વિકેટ ગુમાવીને આ રન બનાવી લીધા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ૨૯મીના દિવસે રમાયેલી બીજી ટ્વેન્ટી મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયા ઉપર ૨૭ રને જીત મેળવીને ટ્વેન્ટી શ્રેણી જીતી લીધી હતી. ઓસ્ટ્રેલિયામાં પાંચ વનડે મેચોની શ્રેણી ૪-૧થી ગુમાવ્યા બાદ

## સિદસર-ગાંઠીલા મંદિરના ટ્રસ્ટીઓની બેઠક સંપન્ન

અમદાવાદ, તા.૩૧

રવિવારના રોજ ઉમાધામ ગાંઠીલા ખાતે સમગ્ર સૌરાષ્ટ્રની આસ્થા સમાન સિદસર મંદિરના પ્રમુખ ડૉ. ડાયાભાઈ પટેલનાં

**સમાજના વિકાસ માટે કયા પગલા લેવાય તે મુદ્દે ચર્ચાઓ**

અધ્યક્ષ સ્થાને સમાજના વિકાસ માટે ની એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ. આ મીટીંગમાં તમામ ટ્રસ્ટીઓનું આ પ્રસંગે જુનાગઢનાં ઉદ્યોગપતિ બીપીનભાઈ કનેરિયા એ સ્વાગત કરેલ અને ઉમાધામ ગાંઠીલાનાં મુખ્ય દાતા અને ટ્રસ્ટી કાંતિભાઈ ફડદુ તથા મંદિર ટ્રસ્ટનાં પ્રમુખના પ્રમુખ વાલજીભાઈ ફડદુ ખાસ ઉપસ્થિત રહેલ વાલજીભાઈ દ્વારા જુનાગઢ જીલ્લાની આસ્થા સમાન મંદિરમાં ધાર્મિક કાર્ય તેમજ સામાજિક કર્યો અંગે સર્વેને વાકેફ કર્યા આ પ્રસંગે ટ્રસ્ટી નીલેશભાઈ ધુલેશીયા એ મંદિરના નિર્માણ કાર્યથી લઈને હાલની વિવિધ પ્રવૃત્તિઓ અંગે સર્વે ને વાકેફ કર્યા. આ પ્રસંગે સિદસર મંદિરના મંત્રી જયેશભાઈ પટેલે આગામી સમયમાં સમાજની જરૂરીયાતો ને નજર સમક્ષ રાખી અને સોમનાથ ખાતે એક વિશાળ આગળ ધપવા અનુરોધ કરેલ જેને સૌ એ ઉમળકાભેર વધાવી લીધેલ. સિદસર મંદિરનાં ટ્રસ્ટી અને પૂર્વ કલેકટર ધોડાસરા સાહેબે યુવાનો ને સાથે રાખી એકવીસમી સદીની જરૂરીયાત શું હશે અને તે દિશામાં શું કરવું જોઈએ તે અંગે સર્વેને માર્ગદર્શન આપેલ. આ પ્રસંગે યુવા ટ્રસ્ટી ચેતનભાઈ ફડદુ એ બંને મંદિરોનાં માધ્યમથી સમાજ ની જરૂરીયાત માટે યુવાનોને કામે લાગી જવા હાકલ કરી હતી.

ઉપરાંત ઉમા આરોગ્ય ધામ અમદાવાદનાં પ્રમુખ મગનભાઈ જાવીયા તથા સિદસરનાં ટ્રસ્ટી ડી.એન.ગોલે સમાજનાં વિકાસ માટે સરકારના અભિગમ અંગે સર્વે ને વાકેફ કર્યા હતા. આ મીટીંગને સફળ બનાવવા સંગઠન સમિતિનાં અધ્યક્ષ મનીષભાઈ ચાંગેલા ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડેલ આ મીટીંગમાં સિદસર મંદિરના ટ્રસ્ટી પરસોતમભાઈ ફડદુ વેરાવળ થી ડૉ. સુરેશભાઈ માખણસા, માળીયાનાં યુવા આગેવાન મગનભાઈ લાડાણી, કરશનભાઈ કમાણી, નરશીભાઈ મકવાણા, ડૉ. સીબીરાજપરા, સંજયભાઈ સાપરીયા એ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંદિર ટ્રસ્ટના મંત્રી મહેન્દ્ર કાલરીયા દ્વારા કરવામાં આવેલ.



આંબે આવ્યા મ્હોર - ગાંધીનગરના માર્ગો પર વર્ષો જુના આંબાના વૃક્ષો પર મ્હોર આવતા જ વસંતના આગમનના એંધાણ થઈ રહ્યા છે... ગાંધીનગર શહેર સદભાગી છે કે માર્ગો અને મકાનોના વિકાસની વચ્ચોવચ્ચ વૃક્ષો પણ એટલી માવજતથી વિકસી રહ્યા છે... મોટી-મોટી ઈમારતોના પ્રાંગણમાં આંબાવાડીયા છે... અને આ આંબા પર મ્હોર આવતા જ કોયલ ટહૂકે છે અને વસંતના વધામણા કરે છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

## ગુજરાતમાં ઝીકા વાયરસને લઈ એલર્ટ બાદ પગલાઓ

### ઝીકા વાયરસના લક્ષણ ડેન્ગ્યુ જેવા જ છે : મોનસુન સિઝન દરમિયાન આ વખતે ડેન્ગ્યુની સાથે સાથે ઝીકા વાયરસનો ભય પણ રહે તેવો નિષ્ણાતનો અભિપ્રાય

અમદાવાદ,તા. ૩૧

ગુજરાતભરમાં ઝીકા વાયરસને લઈને એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ઝીકા વાયરસના લક્ષણો ડેન્ગ્યુ વાયરસ જેવા જ હોવાનું નિષ્ણાતોએ કહ્યું છે. એડિસ મચ્છરોના કારણે પણ તેની અસર જોવા મળે છે. બે અથવા ત્રણ ચાવીરુપ લક્ષણો આમા પણ જોવા મળે છે. કેટલાક લક્ષણો ડેન્ગ્યુ સાથે પણ મળતા આવે છે. સગર્ભા મહિલાઓમાં આ વાયરસની અસર સૌથી વધારે જોવા મળે છે. આના કારણે નહીં જન્મેલા બાળકમાં માઈક્રો સેફાલી થવાનો ખતરો રહે છે જેના કારણે દિમાગને નુકસાન થઈ શકે છે અથવા તો દિમાગના વિકાસ આડે અડચણો પણ આવી શકે છે. નિષ્ણાતોનું કહેવું છે કે, ઝીકા વાયરસ જીવલેણ નથી પરંતુ આના કારણે જોરદાર માંદગીની અસર જોવા મળે છે. ડેન્ગ્યુ વાયરસની જેમ જ ઝીકા વાયરસની અસર થયા બાદ હજુ સુધી તેની કોઈ સારવાર સ્પષ્ટરીતે થઈ રહી નથી પરંતુ સહાયક સારવાર જ લેવામાં આવે છે જેમાં સંપૂર્ણ આરામ, હાઈડ્રેશનનો સમાવેશ થાય છે. ગુજરાત સરકારે ઝીકા વાયરસને લઈને એલર્ટની જાહેરાત કરી દીધી છે. શુક્રવારના દિવસે આની જાહેરાત કરાવી દીધી છે. ડબલ્યુએચઓ અને ભારત સરકારે ઝીકા વાયરસથી રહેલા મોટા ખતરા અંગે પહેલાથી ચેતવણી જારી કરી હતી. રાજ્ય આરોગ્ય વિભાગના ડેપ્યુટી ડિરેક્ટરનું કહેવું છે કે, ઝીકા વાયરસના ક્લિનિકલ લક્ષણો ડેન્ગ્યુ જેવા જ છે. આ વાયરસના ફેલાવાને રોકવા માટે ટૂંક સમયમાં જ એક્શન પ્લાન તૈયાર કરી દેવામાં આવશે અને તેને અમલી બનાવવામાં આવશે પરંતુ આંતરાષ્ટ્રીય લોકોની અવરજવરથી અસર પણ થઈ શકે છે. ક્ષેત્રીય ભાષામાં સલાહો પણ લોકોને આપવામાં આવી રહીછે. રોગચાળાને રોકવા માટે રહેલા સંબંધિત વિભાગે ભારત સરકાર દ્વારા જારી કરવામાં આવેલા પ્રોટોકોલના આધાર પર વિસ્તૃત પગલા યોજના જારી કરવા સૂચના આપી છે. ઝીકા વાયરસના ખતરાને ધ્યાનમાં લઈને પગલા લેવાઈ રહ્યા છે.

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ



YOUR OWN Resort
નિરવતાનો રવ...
bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181/82 | 99249 31224 | 98258 03299

## મંડળના સર્વે સભ્યશ્રીઓ જોગ જાહેર નોટીસ

આથી જાહેર નોટીસથી ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી અને તેની સંલગ્ન કચેરીઓના ત્રીજા વર્ગના (મીનીસ્ટ્રીયલ) કર્મચારી મંડળના સર્વે સભ્યશ્રીઓ (કર્મચારીશ્રીઓ)ને જણાવવામાં આવે છે કે, મંડળની હાલની સંચાલન સમિતિની મુદત બંધારણીય જોગવાઈ મુજબ રાજ્યની કારોબારી સમિતિ (વહીવટી સમિતિ)ની મુદત બે વર્ષની છે. એટલે કે મે-૨૦૧૭માં પુરી થાય છે. તેમ છતાં આ નિયમ મુદત પહેલા શ્રી જે. એમ. પરમાર, મુખ્ય કારકુન અને શ્રી એન. વી. ચૌધરી, મુખ્ય કારકુન તથા બીજાઓ દ્વારા તારીખ ૨૬/૧/૨૦૧૬ના રોજ ગેરબંધારણીય રીતે અસાધારણ સામાન્ય સભાનું આયોજન કરી, ચૂંટણી અંગેનું જાહેરનામું બહાર પાડી, તારીખ ૧૬/૨/૨૦૧૬ના રોજ ચૂંટણીનું આયોજન કરવામાં આવેલ છે તેમજ તારીખ ૨૧/૨/૨૦૧૬ના રોજ સામાન્ય સભાનું પણ આયોજન કરેલ છે તેમાં મંડળના કોઈપણ સભ્યશ્રીએ જોડાવું નહીં કે, નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ના વર્ષની સભ્ય ફી પણ તેઓશ્રીને આપવાની રહેતી નથી. અન્યથા જે કર્મચારીશ્રી સભ્ય ફી ભરી, ચૂંટણીમાં ભાગ લેશે તેવા કર્મચારીશ્રીઓ મંડળના અનઅધિકૃત સભ્યો ગણાશે જેની મંડળના સર્વે સભ્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી.

| | |
|---|---|
| સહી/- | સહી/- |
| (ભરતસિંહ ઝાલા) | (રવિન્દ્ર સોલંકી) |
| પ્રમુખ | મહામંત્રી |